# કીર્તિમંદિર ઐતિહાસિક પરિપેક્ષ્યમાં

**વિનોદકુમાર બી. મુંજપરા**
**(M.A. GSLET, Ph.D. Cont……)**
**પી.એચ.ડી. સ્ટુડન્ટ**
**ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

પોરબંદર એટલે મોહનદાસ કરમચંદ ગાંધીની જન્મભૂમિ. આ એક પ્રાચીન બંદર છે. અહીંથી અરેબિયા, આફ્રિકા અને અખાતના દેશો સાથે બંદરીય વ્યાપાર ચાલે છે. સ્કંદપુરાણમાં પણ આ નગરનો ઉલ્લેખ જોવા મળે છે. તે સમયે અશ્વામતી અને સુદામાપુરી તરીકે જાણીતું હતું.[૧] પ્રાચીન સમયની આ સુદામાપુરી આજે સમગ્ર વિશ્વમાં મોહનદાસ કરમચંદ ગાંધીના જન્મ સ્થાન તરીકે વિશ્વવિખ્યાત છે. ગાંધીજીએ હિંદુસ્તાનની ભૂમિને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ અપાવીને માત્ર ભારત દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં નામના પ્રાપ્ત કરી છે. આવી મહાન વ્યક્તિ વિશે દેશ અને દુનિયાના લોકો ભાગ્યે જ અજાણ હોઇ શકે. આપણા દેશને આંતરરાષ્ટ્રીય કીર્તિ અપાવનાર મોહનદાસ કરમચંદ ગાંધીના આ જન્મ સ્થળ પોરબંદરનું કીર્તિમંદિર રાષ્ટ્રીય સ્મારક તરીકે જાણીતુ છે.[૨]

ગાંધીજીનો જન્મ સંવત ૧૯૨૫ ના ભાદરવા વદ બારશને દિવસે એટલે કે ઇ.સ.૧૮૬૯ ના ઓક્ટોબરની બીજી તારીખે પોરબંદર મુકામે થયો હતો.[3] પોરબંદર અમદાવાદથી ૪૧૨ કિ.મી. અને રાજકોટથી ૧૮૭ કિ.મી., જામનગરથી ૧૨૪ કિ.મી., જેતલસરથી ૫૮ કિ.મી. ના અંતરે આવેલ છે. પોરબંદર મુંબઇ સાથે સીધી વિમાની સેવાથી જોડાયેલું છે. આ ઉપરાંત રેલ્વે અને એસ.ટી. બસની સેવાઓ પણ ઉપલબ્ધ છે.[૪]

સમગ્ર વિશ્વને સત્ય અને અહિંસાના પાઠ શીખવનારા આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળ નજીક આવેલ કીર્તિમંદિરમાં ભારત તેમજ વિશ્વના અન્ય દેશોમાંથી આવતા લોકો મુલાકાત લે છે અને ગાંધી વિચારધારાને મૂર્તિ સ્વરૂપ આપવાના થઇ રહેલા કાર્યો અને પ્રવૃતિઓ નિહાળી ધન્યતા અનુભવે છે.[૫]

પોરબંદરમાં શ્રીનાથજીની હવેલી પાછળ આવેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના મૂળ મકાન નજીક આવેલુ સ્મારક જે આઝાદી બાદ ગાંધી મેમોરિયલ રેસિડેન્શિયલ મ્યુઝિયમમાં ફેરવાઇ ગયુ છે. જે કીર્તિમંદિરના નામે જાણીતુ છે. આ પ્રકારના સંગ્રહ સ્મારક મ્યુઝિયમમાં આ સ્થળ સર્વાંગે શ્રેષ્ઠ અને સમસ્ત માનવજાતી માટે પ્રેરણારૂપ છે. ગાંધીજીના પુ.પિતામહ શ્રી હરજીવન ગાંધીએ ઇ.સ.૧૭૭૭માં આ ઘર વેચાતુ લીધું છે. તળમાંથી લગભગ ૧૨૩.૫૦ ચો.મી. ઉપર બંધાયેલું. આ મકાન બાહ્ય તળની પરથાળ ઉપર બે મજસે આવેલું છે. અને આખુ મકાન ૨૨ ખંડોમાં વહેંચાયેલું છે.[૬]

ભારતમાં ગાધીજીની કાયમી સ્મૃતિ માટે ઘણાંબધા સ્મારકો થયા છે. તેમાં પોરબંદરનું કીર્તિમંદિરની જુદી જ છાપ રહેલી છે. ગાંધી સ્મારકોમાં તેને વિશેષ સ્થાન છે. ગાંધીજીના જન્મસ્થાનનું જૂનુ મકાન જાળવી રાખીને બાજુમાં સ્મારકરૂપે ભવ્ય ઇમારત તૈયાર કરવામાં આવેલ છે. આ સ્મારકનું શિલારોપણ ૧૯૪૭માં સ્વ.શ્રી દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઇના વરદ હસ્તે થયું હતું જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલના હસ્તે તા.૨૬-૫-૧૯૫૦ ના રોજ તેનું ઉદઘાટન થયું હતું.[૭]

આ મકાનનું શિલારોપણ થતા પહેલા ગાંધી પરિવારના જે સભ્યો રહેતા હતા તેમની પાસેથી તે ખરીદવામાં આવ્યું હતું. ગાંધીજીએ પોતે પણ જન્મ સ્થાન મકાન શેઠ શ્રી નાનજીભાઈને સંપૂર્ણ રીતે વેચ્યાનો સ્વીકાર કરતો કાગળ પોતાની તરફથી કાયદેસર લખાવીને રજીસ્ટર કરાવ્યો અને તેના પર તા.૨૭-૨-૧૯૪૬ ના રોજ સહી કરી આપી હતી.[૮]

આ અધિકાર આપતો ગાંધીજીનો નાનજી કાલિદાસ મહેતાનો પત્ર નીચે પ્રમાણે હતો.

અમો નીચે સહી કરનાર શાહ કરમચંદ ઓતમચંદ ગાંધીના વારસો રે.ભારત વર્ષના આ ઉપરથી પોરબંદરના રહીશ રા.રા.માણેકલાલ અમૃતલાલ ગાંધીને આ ઉપરથી આવો અધિકાર આપું છું કેઃ-

પોરબંદરમાં શ્રી નાથજીની હવેલીની પાછળના ભાગમાં અમારૂ જે મકાન આવેલું છે અને જેનો લેખ અમારા વડીલ હરજીવન રહીદાસ ગાંધીના નામનો છે તે મકાન તેને લગતા ઇમલા, ઇજમેન્ટ તથા બાંધકામ સહિતનો અમારો તમામ હક્ક હિસ્સો અને હિત સંબંધ અમોએ પોરબંદરના રહીશ રાજ્યરત્ન શેઠ શ્રી નાનજી કાલિદાસ મહેતાને અઘાટ વેચાણ આપવા કરાર કરેલ છે.

તેની રૂઇએ વેચાણ દસ્તાવેજ કરી આપવા તેમાં અમારી થતી સહી કરી આપવા તે દસ્તાવેજ રજીસ્ટ્રાર પાસે રજીસ્ટર કરાવવા માટે રજૂ કરવા દસ્તાવેજની કબુલાત આપવા, અવેજ લેવા તેમજ સદરહું વેચાણ દસ્તાવેજ તથા અમારા માલિકી હક્ક તથા અસલ ડીડ ટ્રાન્સફર કરવાને અંગે અમારા વતી અને અમારા તરકથી હાજર રહી અમે જે કાંઇ જાતે કરી શકત તે તમામ કામ કાયદેસર રીતે કરવા અમોએ અધિકાર આપેલો છે.

અમારા મુખત્યારે કરેલુ કામ દરેક પ્રકારે કાયદેસર અને મહત્વનું થશે તેની ખાત્રી માટે અમોએ આ નીચે સહી કરી છે.

મોહનદાસ કરમચંદ ગાંધી

પુના

તા.૨૭-૨-૧૯૪૬

પ્યારેલાલ[૯]

આમ ગાંધીજીએ પોતાની હયાતીમાં જ કીર્તિમંદિર બને તે માટે સ્વીકૃતી આપી હતી જે કાર્ય નાનજી કાલિદાસ મહેતાએ પૂર્ણ કર્યું હતું.

ગાંધીજીના જન્મ સ્થળની પાસે જ આવેલા બે-ત્રણ મકાનો તથા મંદિરોની જમીન પણ મેળવવામાં આવી અને સ્મારકના રૂપમાં એક સુંદર ઇમારત તૈયાર થઇ. જૂના મકાનનું સમારકામ રંગ રિપેર અને નવા મકાનની રચના ઉપર લગભગ ચાર લાખ રૂપિયા જેટલો ખર્ચ શેઠ શ્રી નાનજી કાલિકાસ મહેતાએ કર્યો હતો. કીર્તિમંદિરના કલા વિદ્વાનનો યશ પોરબંદરના શ્રી પુરૂષોતમભાઈ મિસ્ત્રીના ફાળે જાય છે.[૧૦] કલા કારીગરીના આકર્ષક નમૂના રૂપ આ કીર્તિમંદિરની શિખર સુધીની ૭૯ ફૂટની ઉંચાઇ પુ.ગાંધીજીના ૭૯ વર્ષના જીવનકાળ પ્રતીકરૂપ છે.[૧૧] પૂ.ગાંધીજીનું સમગ્ર જીવન ભારતની ગુલામી, ગરીબી, વહેમ, અંધશ્રધ્ધા તથા કુરિવાજો રૂપી અંધારા દુર કરવામાં પસાર થયું તેમાં પ્રતિકરૂપે શિખર ઉપર માટીના કોડિયાના આકારે ૭૯ પ્રજ્વલિત દિવડાઓ ગોઠવવામાં આવેલા છે.[૧૨]

આ મંદિરમાં ભગવાન રહેલા છે. તેવી માન્યતાને કારણે આ મંદિરની ખૂબ જ કાળજી લેવામાં આવે છે. ત્યાં ગાંધીજી અને કસ્તુરબાના જીવનચિત્રો મૂર્તિ અને તૈલી ચિત્રો રૂપે છે. આ એક બૌધ્ધ અને જૈન તેમજ હિંદુ પરંપરાઓનું મિશ્રણ ધરાવતું ઐતિહાસિક બાંધકામ છે. તે ઉપરાંત ચર્ચ અને મસ્જિદના પણ કેટલાક નમૂના જોવા મળે છે.

આ રીતે કીર્તિમંદિર એ બાપુના સર્વધર્મ સમભાવનો ઉત્તમ નમૂનો છે. ગાંધીજી ઇચ્છતા હતા કે તેમને કોઇ ભગવાન તરીકે નહિ પરંતુ ‘સત્ય’ અને ‘અહિંસા’ ના પૂજારી તરીકે તેમને ગણે. તેમની આગળ ફૂલો ચડાવવાને બદલે ગાંધીજીનો આ સંદેશ લોકો સુધી પહોંચે તેવી તેમની શ્રધ્ધા હતી. આ ઉદ્દેશ્યથી મંદિરના પ્રાંગણમાં ગાંધીજીની મોટા ચિત્રોની આસપાસના થાંભલા પર કેટલાક પસંદ કરેલા વાક્યો લખેલા છે. ઐતિહાસિક મહત્વ ધરાવતા ગાંધીજીના જીવનના પ્રસંગો અહીં લખેલા છે. જ્યાં બાપુની પ્રતિકૃતિઓ છે ત્યાં જમણી બાજુએ બે ઓરડામાં શ્રી મગનલાલજી ગાંધી અને શ્રી મહાદેવભાઈ દેસાઇની સ્મૃતિઓ અને ડાબી બાજુનો ઓરડો પ્રદર્શન કરવા માટેનું મ્યુઝિયમ અહીં છે.[૧૩]

કીર્તિમંદિરમાં આરસનો વિશાળ ચોક છે. આ ચોકને ફરતા ૧૨ ફૂટ ઉંચા આરસના એકંદર ૨૬ સ્તંભો છે. પ્રત્યેક સ્તંભ પર ગાંધીજીએ આત્મસાત કરેલા અને લોકોને આત્મસાત કરી આચરણમાં મુકવા જેવા જીવનવ્રતો વિષયક કથનામૃતો હિન્દી ભાષામાં લખાયેલા છે. જેમાં સત્ય અહિંસા, અસ્તેય, અપરિગૃહ, બ્રહ્મચર્ય, ત્યાગ, સહનશીલતા, શરીરશ્રમ, સ્વદેશી, અસ્પૃશ્યતા નિવારણ, નમુના, જ્ઞાન, સભ્યતા અને સર્વધર્મ સમભાવના સંદર્ભમાં રત્નકણિકાઓ કંડારાયેલી છે.[૧૪]

કીર્તિમંદિરમાં એકંદરે છ ઓરડાઓ છે. તમામ ઓરડાઓનું બાંધકામ પોરબંદરના પત્થરથી જ થયેલું છે. આ કીર્તિમંદિરનું નિર્માણ પુરૂષોતમ મિસ્ત્રીએ બે મહિનાના ટૂંકા સમયમાં

કર્યું હતું. કીર્તિમંદિરમાં આવેલા ગાંધીજીના જન્મ સ્થાનનું મકાન ખરીદાયાનો દસ્તાવેજ છે. અને જન્મ સ્થાનની જગ્યા અંગે પુ.ગાંધીજીએ જાતે સહી કરીને સ્વ.માણેકલાલ ગાંધીને આપેલ પાવર ઓપ એટર્નીનો દસ્તાવેજ પણ અહીં સચવાયેલ છે. ઉપરાંત મહાત્મા ગાંધીના કુટુંબનો વડલો, કીર્તિમંદિરનો નકશો તથા કેટલાક યાદગાર પ્રસંગોની તસ્વીરોના સંગ્રહ છે. મહાદેવભાઈ દેસાઇ પુસ્તકાલયની પાસે આવેલ વિશાળ હોલમાં ગાંધીજીની જીવન ઝરમરને પ્રદર્શિત કરતી એક ચિત્ર-પ્રદર્શની પણ કાયમી સ્વરૂપે ગોઠવાયેલી છે.[૧૫]

બાળમંદિરના ઓરડામાં સવારે બાળમંદિર સાંજે ગાંધર્વ મહાવિદ્યાલયની ઉપશાખા સંગીત વિદ્યાલય ચલાવાય છે. લગભગ દરેક ઓરડાઓમાં ગાંધીજીની જુદ્-જુદા સમયની તસ્વીરો રાખવામાં આવી છે. કીર્તિમંદિર તૈયાર કરીને ભારત સરકારને સોંપ્યું હતું. ભારત સરકારના પુરાતત્વ ખાતા તરફથી તેને રક્ષિત ઇમારત જાહેર કરવામાં આવેલ છે.[૧૬]

કીર્તિમંદિર વિશ્વવ્યાપી સંસ્થા છે. અહીં બાપુના જન્મ સ્થળના દર્શન માટે ઘણાં શ્રધ્ધાળુઓ અને મહાનુભાવો મુલાકાતે આવે છે. ભારતના વડાપ્રધાન, ગૃહપ્રધાન, જુદા જુદા રાજ્યોની સરકારના મુખ્યમંત્રીઓ કીર્તિમંદિરની મુલાકાતે અવારનવાર આવતા રહે છે. આ ઉપરાંત વિશ્વના અન્ય દેશોમાંથી પણ ઘણાંબધા પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લે છે. લગભગ દરરોજના ૭૦૦ જેટલા લોકો મુલાકાત લે છે.

અહીં રામધૂન અને બાપુના મનપસંદ ભજનની ઓડિયો કેસેટ વાગે છે. આ ઉપરાંત જુદા-જુદા ધર્મની પ્રાર્થનાઓ, રોગોના નિદાન માટેના મેડિકલ કેમ્પ, ચિત્રોનું પ્રદર્શન અને સ્વચ્છતાના પાઠો પણ છે. માનવ અધિકાર દિન અને તેના જેવા બીજા દિવસો ઉજવવામાં આવે છે. અહીં નવા વર્ષના પ્રથમ દિવસે આ શહેરના નાગરિકો મિત્રતાપૂર્ણ બેઠકનું આયોજન કરે છે અને પૂજ્ય બાપુના જીવનચરિત્રને દર્શાવી બાળકો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવે છે. દેશમાંથી મહાન સ્ત્રીઓ અને પુરૂષો બાપુના જન્મ દિવસે સમૂહ પ્રાર્થના કરે છે અને સામાજિક મહત્વ ધરાવતા લોકો પોતાની ખુશી વ્યક્ત કરે છે. ગાંધીજીના જન્મ દિવસે વિવિધ કાર્યક્રમો જેવા કે વિવિધ ધર્મની પ્રાર્થનાઓ થાય છે. રેંટિયા બારસના દિવસે અને દર ગાંધી નિર્વાણ દિને (૩૦ જાન્યુ.) ના દિવસે વિવિધ કાર્યક્રમો જેવા કે સંધ્યા પ્રાર્થના, ભક્તિગીતો, ધૂનો વગેરે તથા પ્રખ્યાત ચિંતકો અને ગાંધીજીના આદર્શવાદી સેમિનાર અને વ્યાખ્યાન જેવા કાર્યક્રમોનું આયોજન થાય છે.

કેટલીક શાળાના વિદ્યાર્થીઓ અને કૉલેજો દ્વારા સ્પર્ધાઓનું પણ આયોજન થાય છે. જેમ કે નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ગાંધીજીના ગીતો વગેરે અને તેમને પ્રોત્સાહિત કરવા ઇનામ વિતરણ પણ થાય છે. સ્ત્રીઓ, યુવાનો, વૃધ્ધો અને બાળકો માટે પણ કીર્તિમંદિરમાં સાંસ્કૃતિક પ્રવૃતીઓની સાથે અન્ય પ્રવૃતિઓ પણ થાય છે.

અહીં બાળકો માટે પણ સાહિત્ય છે. સ્ત્રીઓ અને બાળકો મોટાપાયે કસ્તુરબા ગાંધી પુસ્તકાલયનાં પુસ્તકોનો લાભ ઉઠાવે છે. અહીં લગભગ ૨૦,૦૦૦ જેટલા પુસ્તકો છે. સમગ્ર વર્ષ દરમ્યાન કીર્તિમંદિરમાં બાળકો, યુવાનો, સ્ત્રીઓના વ્યક્તિત્વ વિકાસ માટેની જુદી જુદી પ્રવૃતીઓ યોજવામાં આવે છે. અહીં કેટલાક ગાંધીજીના પ્રતિકૃતિના સિક્કા, પોસ્ટર, ફોટાઓ, કી-ચેન અને પેનો વેચાય છે.[૧૭]

કીર્તિમંદિરનું સંચાલન સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતી, રાજકોટ હસ્તક ૧૯૭૨ સુધી રહ્યું હતું. હાલ કીર્તિમંદિરનું સંચાલન ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નિયુક્ત કીર્તિમંદિર સંચાલન સમિતી દ્વારા થાય છે. જેમાં ૧૫ સભ્યોની નિયુક્તિ થાય છે. ચીફ ઓફિસર, નગરપાલિકા પોરબંદર, પ્રમુખ તાલુકા પંચાયત પોરબંદર, જિલ્લા શિક્ષણાધિકારી જૂનાગઢ, કાર્યપાલક ઇજનેર જૂનાગઢ તથા આસિ.નાયબ કલેક્ટર પોરબંદરની હોદ્દાની રૂએ સમિતીની નિયુક્તિ થાય છે. આ ઉપરાંત ગાંધીવાદી વિચાર સરણીને વરેલા અલગ-અલગ ક્ષેત્રના ૧૦ મહાનુભાવોની નિયુક્તિ સમિતિના સભ્યપદે થાય છે.[૧૮] હાલ આસિ.કલેક્ટર સી.બી.ગણાત્રા સભ્ય સચિવ તરીકે સેવા આપી રહ્યા છે.

પોરબંદરમાં આવેલ કીર્તિમંદિર એ સમગ્ર માનવજાત માટે પ્રેરણારૂપ છે. ગાંધીજીના આ જન્મ સ્થળની મહત્તા ખૂબ જ રહેલી છે. ગાંધીજીએ ‘મારૂ જીવન એ જ મારો સંદેશ’ દ્વારા સમગ્ર માનવજાતને માનવતાના નૈતીક મૂલ્યો શિખવ્યા જે દરેક માણસ માટે આદર્શ ગણાય. સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યુ છે કે "બાપુ જ્યાં જન્મ્યા, રહ્યા, જ્યાં તેમણે તપ કર્યું એ બધે સ્થળે તેમના કીર્તિમદિરો રચાશે પરંતુ બાપુના કીર્તિમંદિરો તો દરેક માણસના હૃદયમાં છે, રચાયેલા છે અને માણસ જાત રહેશે ત્યાં સુધી એ કીર્તિમંદિર અમર રહેશે."

**પાદનોંધઃ-**


(૧) ઓઝા, દિગંત, ગૌરવભૂમિ ગુજરાત, અમદાવાદ, ૨00૩, પૃ-૮.

(૨) પંડિત, અમર, 'પ્રવાસન ગુજરાત', અમદાવાદ, ૨00૯, પૃ-૬૮.

(૩) ગાંધી, મોહનદાસ કરમચંદ, 'સત્યના પ્રયોગો', અમદાવાદ, ૨00૬, પૃ-૩.

(૪) ઓઝા, દિગંત (૨00૩), ઉપરોક્ત પૃ-૬

(૫) પુરાણ પ્રસિધ્ધ પોરબંદર, માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, મે.૨00૬, પૃ-૪૫.

(૬) ઠાકર, ધીરૂભાઈ, ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૬, અમદાવાદ, ૧૯૯૪, પૃ-૨૧૮

(૭) ઠક્કર, નારણદાસ પી., 'ગુજરાતમાં ગાંધીજી', રાજકોટ, ૧૯૬૯, પૃ-૭૩.

(૮) એજન, પૃ-૭૪

(૯) એજન, પૃ-૭૬

(૧0) એજન, પૃ-૭૪

(૧૧) સમાણી, બી.ડી., ગાંધી જીવન દર્શન વ્યાખ્યાનમાળા, પોરબંદર, ૧૯૯૫, સંક્ષિપ્ત પરિચય, પૃ-૧.

(૧૨) એજન, પૃ-૨

(૧૩) રૂબરૂ સ્થળ મુલાકાત, તા.૨0-૫-૨0૧૪ ના આધારે

(૧૪) સમાણી, બી.ડી. (૧૯૯૫), ઉપરોક્ત, પૃ-૨-૩.

(૧૫) પુરાણ પ્રસિધ્ધ પોરબંદર (૨00૬), ઉપરોક્ત, પૃ-૪૬

(૧૬) ઠક્કર, નારણદાસ પી. (૧૯૬૯), ઉપરોક્ત પૃ-૭૯

(૧૭) પાઉ, રીટાબેન, કીર્તિ મંદિરના લાઇબ્રેરીયનની રૂબરૂ મુલાકાત, તા.૨0-૫-૨0૧૪ ના આધારે

(૧૮) સમાણી, બી.ડી. (૧૯૯૫)0 ઉપરોક્ત, પૃ-૪.